Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# ગાંધીજીનું સામાજિક પ્રદાન

**PRO. DR. PARESH K. PATEL**
ASSISTANT PROFESSOR (M.A,M.Phil,Ph.D,GSET.) GOVERNMENT ARTS AND COMMERCE COLLEGE, JADAR CONTACT-9925718410 EMAIL-patel.paresh2512@gmail.com

***સારાંશ*** *–*

*સામાજિક ક્ષેત્રે મોહનદાસ કરમચંદ ગાંધી એક મહાન સમાજ સુધાકર તરીકે આજે પણ ભારતીય સમાજ વ્યવસ્થામાં છે.ગાંધીજીએ પોતાના જીવન અને વિચારની પ્રેરણા માટે પૂર્વ-પશ્ચિમ કે પ્રાચીન અર્વાચીનનાં ભેદ રાખ્યા નહોતા.એમણે કહ્યું હતું કે "વ્યકિત કે સમાજ માટે શ્રેયસ્કર એવો કોઈપણ વિચાર પછી પૂર્વનો હોય કે પશ્ચિમનો પ્રાચીન હોય કે અર્વાચીન એનો લાભ ઉઠાવતા મને કોઈ અટકાવી શકે તેમ નથી".તેઓએ ભારતીય સમાજમાં રૂઢ થઈ ગયેલી અનેક સમસ્યાઓ જેવી કે અસ્પૃશ્યતા, સ્ત્રીમુકિત, હિંદુમુસ્લિમ ઐક્ય,શિક્ષણ અને ગ્રામીણ વિકાસ વગેરે સામાજિક દૂષણો સમાજમાથી દૂર કરી શકાય એના માટે પ્રયાસ કરેલ હતો.બીજી બાજુ ધર્મ અને જ્ઞાતિના નામે વિવિધ વાડાઓમાં વહેચાયેલો ભારતીય સમાજ અંધશ્રધ્ધાઓમાં ડૂબેલો હતો.પરંતુ આ સત્યવાદી ,અહિંસક અને કુશાગ્ર રાજનીતિજ્ઞ એવા ગાંધીજીએ ભારતીય સમાજમાં ફેલાયેલી દૂષણોની હારમાળા તરફ આખા દેશનું ધ્યાન દોર્યું અને દેશને સુધારવા માટેનું એક મોટું બીડું ઉપાડયું.માટેજ ભારતીય સમાજના એક સમાજ સુધાકર તરીકે ગાંધીજી હરહંમેષ યાદ રહેશે.*

***ચાવીરૂપ શબ્દો*** *-*

*અસ્પૃશ્યતા, સ્ત્રીમુક્તિ, હિન્દુ મુસ્લિમઐક્ય,શિક્ષણ અને ગ્રામીણ વિકાસ*

**ભૂમિકા -**

"ઊંચ નીચના ભેદભાવ અને અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં નહી આવે તો હિન્દુ સમાજ અને હિન્દુ ધર્મનો નાશ અનિવાર્ય છે."

**-ગાંધીજી**

ગાંધીજીનું જીવન એવું સર્વાંગી અને સર્વગ્રાહી હતું કે તેને મૂલવવા માટે તેમના જીવન અને ચિંતનના મૂળભૂત પાયાને તે ધર્મ તરીકે ઓળખાવતા અને વ્યાપક અર્થમાં પોતાને ધર્મપરાયણ ગણવામાં તે ગૌરવ લેતા.એમની એ જીવદ્રષ્ટિ અને ધર્મ દ્રષ્ટી પર વિવિધ સંપ્રદાયોમાં વિકસેલી પરંપરાઓ અને ધર્મ ચિંતનની વિપુલ અસર રહેલી હતી.વર્તમાન માનવજીવન તથા સમાજજીવનના સંસ્કરણ તથા ઊર્ધ્વીકરણમાં એનો યથાર્થ વિનિયોગ કરવામાં તેમણે અદભૂત કૌશલ્ય દર્શાવ્યું હતું.

**(૧) અસ્પૃશ્યતા નિવારણ –**

સામાજિક ક્ષેત્રે ગાંધીજીએ કરેલો સૌથી મહત્વનો સુધારો તે અસ્પૃશ્યતા નિવારણનો છે. ભારતમાં અસ્પૃશ્યતા જેમ પ્રાચીનકાળથી પળાતી આવી છે તેમ તેના નિવારણના પ્રયાસો પણ જૂના વખતથી ચાલતા આવ્યા છે.આ બાબતમાં પ્રથમ સાહસપૂર્વક આંદોલન ઉપાડનાર બુધ્ધ અને મહાવીર હતા. એ આંદોલનના મૂળ એટ્લે સુધી પહોચેલા કે એ બંને મહાપુરુષો પછી 1500 વર્ષ દક્ષિણ ભારતના આળવાર સંતોએ અસ્પૃશ્યતાનું કલંક ટાળવા પુરુષાર્થ કર્યો. મધ્યયુગમાં રામાનંદ, કબીર, નાનક વગેરે અને અંગ્રેજોના આગમન પછી બ્રહ્મોસમાજ, પ્રાર્થનાસમાજ, આર્યસમાજ, થિયોસોફિકલ સોસાયટી આ દિશામાં પ્રયત્નો કર્યા.પરંતુ આખાય ભારતમાં ફેલાયેલી અસ્પૃશ્યતાને નાબૂદ કરવાના આ સર્વ પ્રયાસો "મહાસાગરના હજારો માઇલના વિસ્તારમાથી એક બે એકર જમીનમાં ક્યારા બાધીને એને મીઠી બનાવવાના જેવાજ રહ્યા". એ આખાયે મહાસાગરને અગત્સ્ય મુનીને પેઠે પી જવાનું કામ તો વીસમી સદીમાં મહાત્મા ગાંધીજીએ કર્યું.

ગાંધીજીને ખાતરી થઇ ગઈ હતી કે દેશની અંદરની ગણાતી એક કોમ અસ્પૃશ્ય રહે અને તેને જે અન્યાય સહન કરવો પડે તે દૂર ન થાય તો ભારતને પરદેશીઓના અન્યાયથી મુક્ત અને સ્વાતંત્ર્ય થવાનો અધિકાર રહે નહી.તેથી તેમણે કહ્યું કે "હિન્દુઓ પણ જો ઉદ્દત ઉજવળ ધર્મને આ અસ્પૃશ્યતાની ભાવનાનાં કલંકથી છોડવી ન

લેતા આમને આમ કલંકિત રાખશે તો તેઓ કદી પણ સ્વતંત્રતાને લાયક ગણાશે નહી". ગાંધીજીએ ચરખો અને ઝાંડુ ક્રાંતિના વાહન તરીકે પસંદ કર્યા હતા. એમને હારીજનોના ઉધ્ધાર માટે પોતાના પ્રાણ પાથરવાની જાહેરાત કરતા કહ્યું કે આ વસ્તુનો વિરોધ કરનાર હું એકલો હોઉ તો પણ એનો હું જીવના જોખમે વિરોધ કરીશ,અને ૨૦ સપ્ટેબર થી યરવડા જેલમાં આમરણાત ઉપવાસે ભારતના પ્રજાજનો પર અદ્ ભૂત અસર કરી અને સૌ કોઈ અસ્પૃશ્યતાના જુગજૂના પાપ તરફ વિચાર કરતાં થઈ ગયા.દેશભરમાં મોટા મંદિરો ખૂલ્યા.પૂજારીઓએ હારીજનોને મંદિરોમાં આવકાર્યા.દેશમાં સુધારાની, પ્રાશ્ચિતની અને આત્મશુધ્ધિની હવા ફેલાઇ ગઈ અને અસ્પૃશ્યતાના પાયા જમીનદોસ્ત થવા લાગ્યા.અને હિન્દુ સમાજમાં નવી સુવાસ પ્રસરવા લાગી.

(૨) <u>સ્ત્રી-પુરુષ સમાનતા</u>-

સ્વાતંત્ર્ય આંદોલનમાં સ્ત્રીઓના જોડાવાથી સ્ત્રીઓ ઘરની બહાર નીકળીને રાષ્ટ્રીય લડતમાં જોડાઈ આથી સ્ત્રીઓને પોતાની કાર્યશકિત અને નેતૃત્વશક્તિ અને નેતૃત્વશક્તિનો પરીચય મેળવ્યો. ગાંધીજી સ્ત્રી સ્વાતંત્ર્યના હીમાયતી હતા.તેમના માટે પુરુષની જેમ પોતાનું ભાવિ ઘડવાનો અધીકાર છે.સ્ત્રીઓ આંદોલનથી વિભિન્ન કાર્યક્રમોમાં સહભાગી બનવા, સ્ત્રીઓ પરદા પ્રથામાંથી મુક્ત થવા લાગી. સ્ત્રીઓમાં રાષ્ટ્રીય અને રાજકીય સભાનતા વિકસી. સ્ત્રી સંગઠનો વિકાસયા. સ્ત્રીઓનો રાજકીય દરજ્જો ઊંચો આવવા લાગ્યો.

ગાંધીજીના નેતૃત્વમાં સ્ત્રીઓએ ભજવેલી વિભિન્ન ભૂમિકાઓએ સમાજજીવનના વિભિન્ન ક્ષેત્રો કુટુંબ,લગ્ન,મિલકત,કાનૂન વગેરેમાં સ્ત્રીઓનો દરજ્જો સમાનતાની દિશામાં પરીવર્તન પામવા લાગ્યો.ભારતના બંધારણે દરેક સમાજને ધીમે ધીમે સ્ત્રીઓના અધિકારો તરીકે રાજકીય અને કાનૂની સમાનતા આપી.

**(૩) <u>હિન્દુ મુસ્લિમ ઐક્ય</u> –**

ગાંધીજીના અહિંસાના ધર્મની સાથે કપરી કસોટી હિન્દુ અને મુસ્લિમ સમાજ વચ્ચે ઐક્ય કેવી રીતે સ્થાપીત કરવું.એમને મન હિન્દુ અને મુસલમાન દેશની બે આંખો બરાબર હતા.અને જ્યાં સુધી ઐક્ય ન સધાય ત્યાં સુધી "સ્વરાજ આકાશકુસુમવત"છે એવો એમનો દ્રઢ મત હતો.અને આ બે સમાજોને ઐક્ય ગ્રંથિથી બાંધવા છેક દક્ષિણ આફ્રીકાથી જ એમણે પ્રયાસો શરૂ કર્યા હતા.

ગાંધીજી પોતે ભારતની બહુમતી કોમના એટ્લે કે હિંદૂન હતા.તેમ છતાં લઘુમતી કોમ એટેલે કે મુસલમાનો પ્રત્યે પોતાના સહવાસી ભાઈઓ તરીકે તેમને અનહદ પ્રેમ અને લાગણી હતા. દેશની કોઈ પણ પરિસ્થિતિમાં બહુમતી કોમ લઘુમતીને રક્ષણ અને સલામતી આપવાનો ધર્મ ન ચૂકે એવું કરવા માટે બહુમતી કોમના પ્રતિનિધિ તરીકે તે હમેશા જાગ્રત રહ્યા.ભાગલાને કારણે ઊભા થયેલા કોમી વિદ્રેષે જ્યારે સમગ્ર આઝાદ ભારતમાં મુસલમાનોના સંપૂર્ણ હિતો અને તેમનું સામાજિક અસ્તિત્વ જ જ્યારે જોખમમાં આવી પડ્યું ત્યારે જરા પણ સંકુચિત ભાવના કે અંગત સલામતીના વિચારને વશ થયા વિના તેમને પોતાના સર્વસ્વના ભોગે અને પોતાની જાતના જોખમે મુસલમાન બંધુઓના રક્ષણમાં લાગી જવાનો પરમ સામાજિક ધર્મ અપનાવી સામાજિક કાર્યની શરૂઆત કરી.

(૪) **<u>શિક્ષણ-</u>**

ગાંધીજીનાં શૈક્ષણીક વિચારોના મૂળ પ્રાચીન ભારતીય શૈક્ષણીક પરંપરામાં રહેલા છે.ભારતમાં અંગ્રેજોના શાસનમાં એ પરંપરાનાં રહ્યા સહ્યા મૂલ્યો કેવી રીતે તૂટ્યા અને દેશની પ્રવર્તમાન શૈક્ષણિક સમસ્યાઓના ઉકેલ અર્થે ગાંધીજીએ એ પરંપરાગત મૂલ્યોને પ્રયોગો ધ્વારા કેવી રીતે પુનર્જીવિત કર્યા એ મહાન કાર્ય એજ વ્યકિતને આભારી છે.ગાંધીજીને ગામડાના વિકાસ માટે પાયાની કેળવણી ઉપર ભાર મૂક્યો હતો કે જેમાં વિધાર્થી હાથ,પગ,મન અને બુધ્દ્રિનો ઉપયોગ કરી જીવન ઉપયોગી શિક્ષણ મેળવી શકે.ગાંધીજીના આ વિચારોની અસર નીચે ઘણી બુનીયાદી સંસ્થાઓ શરુ થઇ અને શિક્ષણ પણ આપે છે.જે સમાજ માટે આશીર્વાદ રૂપ સાબિત થઇ છે.

**(૫) <u>ગ્રામીણ વિકાસ</u>-**

ગાંધીજીએ ગ્રામીણ વિકાસ ઉપર સવિશેષ ભાર મુક્યો હતો.તેમની દ્રષ્ટિએ ગ્રામીણ વિકાસ એટલે ગામડાના સામાજિક,આર્થિક,રાજકીય,સાંસ્કૃતિક,શૈક્ષણિક અને આરોગ્યવિષયક એમ તમામ પાસાનો સર્વાંગી વિકાસ.ગાંધીજીના ગ્રામીણ વિકાસ અંગેના વિચારોમાં દરેક ગામ સંપૂર્ણ ગણરાજ્ય હોય તેમ ઈચ્છતા હતા.ગાંધીજીની દ્રષ્ટિએ સાચું ભારત ગામડામાં વસે છે.ગાંધીજીનું મુક્ત અને લોકશાહી ભારતનું સ્વપ્ન આત્મનિર્ભર એવા અસંખ્ય ગ્રામ સમુદાયોનું પ્રજાતંત્રીય સમવાયતંત્રનું હતું.

આ ઉપરાંત ગાંધીજીના વિચારો અને પ્રવૃતિઓનાં પ્રભાવ હેઠળ ગામડાઓમાં પ્રૌઢશિક્ષણ,સ્વચ્છતા અભિયાન,સહકારી પ્રવૃત્તિ,ખાદી અને ગ્રામોદ્યોગ,સ્વૈચ્છિક સંસ્થાઓનો વિકાસ થતો રહ્યો છે.

**<u>સંદર્ભ</u>** ---

(૧) 'સત્યના પ્રયોગો" - મહાત્મા ગાંધીજી

(૨) 'ધર્મ મંથન' - મહાત્મા ગાંધીજી

(3) 'ભાવિ સમાજ રચનાની દિશામાં' – પ્યારેલાલ

(૪) 'ભારતમાં સામાજિક પરિવર્તન' – જે.કે.દવે

(૫) ઈન્ટરનેટ પર અપાયેલ માહિતીનો ઉપયોગ